સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

YouTube ICE RAJKOT




ICE RAJKOT SUBSCRIBE

આપની તૈયારીને સર્વશ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ :

**ICE CURRENT NEWS**

કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

ICE RAJKOT

**SUBSCRIBE NOW**


**સંપાદક**

મૌલિક ગોંધિયા
(Director - ICE)


[MAY-2019]
[12/05 to 18/05]

# WEEK-20

**CURRENT TOPIC**

- IPL 2019
- પશ્ચિમ બંગાળની 9 બેઠકો પર એક દિવસ વહેલો ચૂંટણી પ્રચાર બંધ કરવાનો ચૂંટણી પંચનો આદેશ
- ભારતીય ફૂટબોલ ટીમના નવા કોચ તરીકે શ્રી ઈગોર સ્ટિમેકની નિમણૂક
- યંગ સાયન્ટિસ્ટ પ્રોગ્રામ - YUVIKA 2019 લોન્ચ
- ભારતીય વાયુસેનાને મળ્યું પ્રથમ અપાચે હેલિકોપ્ટર
- ભારતના પ્રસિદ્ધ બિરહા ગાયક શ્રી હીરાલાલ યાદવનું નિધન


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

**12 MAY, 2019 SUNDAY**

## ➤ દિવસ મહિમા : 12 મે, મધર્સ ડે (મે માસનો બીજો રવિવાર)

સમગ્ર વિશ્વના વિવિધ દેશોમાં 'મધર્સ ડે'ની ઉજવણી જુદા–જુદા દિવસ દરમિયાન કરવામાં આવે છે.




- જોકે, ભારત સહિત વિશ્વના મોટા ભાગના દેશોમાં મે માસના બીજા રવિવારે 'મધર્સ ડે' ઉજવાય છે.
- આ અંતર્ગત વર્ષ 2019માં 12 મેના રોજ 'મધર્સ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી.
- આધુનિક 'મધર્સ ડે'ની સૌપ્રથમ વખત ઉજવણી ઈ.સ. 1908માં એના જાર્વિસ દ્વારા અમેરિકાના વેસ્ટ વર્જિનિયાના ગ્રાફ્ટન ખાતે આવેલા એક ચર્ચમાં કરવામાં આવી હતી.
- ઈ.સ. 1912માં એના જાર્વિસે "મે મહિનાનો બીજો રવિવાર" અને "મધર્સ ડે" શબ્દોના ટ્રેડમાર્ક કરાવ્યા હતા અને તેમણે મધર્સ ડે ઈન્ટરનેશનલની સ્થાપના કરી હતી.

**નોંધ :** સમગ્ર વિશ્વના પ્રત્યેક પરિવારોમાં માતાનું સન્માન થાય અને તેમનું સ્વાભિમાન જળવાઈ રહે એ માટે 'મધર્સ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ભારતીય વાયુસેનાને મળ્યું પ્રથમ અપાચે હેલિકોપ્ટર

સપ્ટેમ્બર 2015માં ભારતે અમેરિકા પાસેથી 22 અપાચે હેલિકોપ્ટર ખરીદવા માટે એક સોદા પર હસ્તાક્ષર કર્યા હતા.

- આ ડીલ અંતર્ગત 11 મે, 2019ના રોજ કુલ 22માંથી પ્રથમ અપાચે હેલિકોપ્ટર અમેરિકાએ ભારતને સોંપી દીધું છે.
- અમેરિકાના એરિઝોના રાજ્યના મેસા નામના શહેરમાં આવેલા બોઈંગ કંપનીના પ્રોડક્શન યુનિટમાં ભારતને આ પ્રથમ હેલિકોપ્ટર સોંપવામાં આવ્યું હતું. આ હેલિકોપ્ટરથી ભારતની વાયુસેનાની તાકાતમાં વધારો થશે.

### અપાચે હેલિકોપ્ટરની વિશેષતા

1. આ હેલિકોપ્ટરનું નામ 'AH-64E apache Gardian Helicopter' છે.
2. અમેરિકાની બોઈંગ (Boeing) નામની કંપની દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.
3. અપાચે વિશ્વનું સૌથી ઘાતક ફાઈટર અથવા તો એટેક હેલિકોપ્ટર છે. તે એડવાન્સ મલ્ટિ રોલ ફાઈટર હેલિકોપ્ટર છે.
4. આ હેલિકોપ્ટર દુશ્મન દેશની ઘેરાબંધીને ભેદીને સચોટ હુમલો કરવા માટે સક્ષમ છે. તેને રડારમાં પકડવું મુશ્કેલ છે.
5. આ હેલિકોપ્ટર યુદ્ધગ્રસ્ત વિસ્તારની તસ્વીર લેવામાં પણ સક્ષમ છે.
6. બે એન્જિનવાળા આ હેલિકોપ્ટરમાં બે પાયલટ બેસી શકે છે.
7. આ હેલિકોપ્ટરનું વજન 5165 કિલોગ્રામ છે અને તે આશરે 295થી 365 કિમી. પ્રતિ કલાકની ઝડપથી ઉડી શકે છે.
8. પહાડી વિસ્તારોમાં ઓપરેશન માટે તેમજ રાત્રીના સમયે ઉડાન ભરવા માટે પણ આ હેલિકોપ્ટર સક્ષમ છે.
9. આ હેલિકોપ્ટરની બંને બાજુ 30 mmની બે ગન પણ લાગેલી હોય છે. આ ઉપરાંત તેમાં તીવ્ર વિસ્ફોટકો ભરેલી હેલિફાયર અને સ્ટિંગર મિસાઈલો પણ લગાવાયેલી છે.

## અપાચે હેલિકોપ્ટરનો ઈતિહાસ

- આ હેલિકોપ્ટરે 1975માં તેની પ્રથમ ઉડાન ભરી હતી. અને 1986માં તેને અમેરિકાની સેનામાં શામેલ કરવામાં આવ્યું હતું.
- અમેરિકાએ આતંકી ઓસામા બિન લાદેનને ખતમ કરવા માટે આ હેલિકોપ્ટરનો ઉપયોગ કર્યો હતો.
- અમેરિકાએ ભારત અગાઉ ગ્રીસ, ઈન્ડોનેશિયા, જાપાન, ઈઝરાયેલ, કુવૈત, નેધરલેન્ડ, કતાર, સાઉદી અરેબિયા, સિંગાપોર વગેરે દેશોને આ હેલિકોપ્ટર વેચ્યા છે.

## ICE Questions

1. ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં મધર્સ ડેની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
   (A) 12 મે　(B) મે માસના પ્રથમ રવિવારે
   (C) 13 મે　(D) મે માસના બીજા રવિવારે　**(D)**

2. ભારતમાં વર્ષ 2019 દરમિયાન કઈ તારીખે 'મધર્સ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી ?
   (A) 10 મે　(B) 11 મે　(C) 12 મે　(D) 13 મે　**(C)**

3. 'મધર્સ ડે'ના સંદર્ભમાં નીચેનામાંથી સાચા વિધાનો પસંદ કરો.
   1. વિશ્વના તમામ દેશોમાં 'મધર્સ ડે'ની ઉજવણી એક જ દિવસે કરવામાં આવે છે.
   2. આધુનિક 'મધર્સ ડે'ની સૌપ્રથમ ઉજવણી 1908માં અમેરિકામાં થઈ હતી.
   3. આધુનિક 'મધર્સ ડે'ની સૌપ્રથમ ઉજવણી એના જાર્વિસે કરી હતી.
   4. એના જાર્વિસે 1912માં 'મે માસનો બીજો રવિવાર' અને 'મધર્સ ડે' શબ્દોના ટ્રેડમાર્ક કરાવ્યા હતા.

   Ans. : (A) 1, 2, 3, 4　(B) 1, 2, 3　(C) 3, 4　(D) 2, 3, 4　**(D)**

4. 11 મે, 2019ના રોજ અમેરિકાએ ભારતને કયું હેલિકોપ્ટર સોંપ્યું છે ?
   (A) વોરિયર　(B) ચિનૂક　(C) અપાચે　(D) ઓર્ડિનરી　**(C)**

5. તાજેતરમાં અમેરિકાએ ભારતને કયું અપાચે હેલિકોપ્ટર સોંપ્યું છે ?
   (A) AH-64 A　(B) AH-64 B　(C) AH-64 C　(D) AH-64 E　**(D)**

6. ભારતીય વાયુસેના માટે અપાચે હેલિકોપ્ટર ખરીદવા માટે ભારત અને અમેરિકા વચ્ચે ક્યારે કરાર થયા હતા ?
   (A) સપ્ટેમ્બર 2013　(B) સપ્ટેમ્બર 2014　(C) સપ્ટેમ્બર 2015　(D) સપ્ટેમ્બર 2016　**(C)**

7. સપ્ટેમ્બર 2015માં કેટલા અપાચે હેલિકોપ્ટર ખરીદવા માટે ભારતે અમેરિકા સાથે કરાર કર્યા હતા ?
   (A) 20　(B) 22　(C) 24　(D) 26　**(B)**

8. અમેરિકાની કઈ કંપની દ્વારા અપાચે હેલિકોપ્ટરનું નિર્માણ કરવામાં આવે છે ?
   (A) લોકહીડ માર્ટિન　(B) બોઈંગ
   (C) જનરલ ડાયનેમિક્સ　(D) BAE સિસ્ટમ્સ　**(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. તાજેતરમાં અમેરિકાના કયા શહેરમાં આવેલા બોઈંગ કંપનીના પ્રોડક્શન યુનિટમાં ભારતને પ્રથમ અપાચે હેલિકોપ્ટર સોંપવામાં આવ્યું છે ?

(A) બોસ્ટન (B) સીટલ (C) મિયામી (D) મેસા **(D)**

10. 'AH-64 E Apache Gardian Helicopter'ની વિશેષતાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. તે મલ્ટિ રોલ ફાઈટર (અથવા તો એટેક) હેલિકોપ્ટર છે.
2. તે બે એન્જિન ધરાવે છે.
3. તેમાં બે પાયલટના સિટિંગની વ્યવસ્થા છે.
4. અમેરિકાએ પાકિસ્તાનને આવા 4 હેલિકોપ્ટર આપ્યા છે.

Ans. : (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 3, 4 **(B)**

આર્થિક સમૃદ્ધિ, સામાજિક પ્રતિષ્ઠા
સલામત નોકરીની સંયુક્ત કારકિર્દી
એટલે જ ગુજરાત સરકાર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
CALL: 9375701110 / 9328001110

ગુજરાત સરકારની વર્ગ-૩ની તમામ ભરતીઓ માટે

નવી બેચ શરૂ

આપની સફળતાને નિશ્ચિત કરતી
સ્પેશિયલ બેચ
સવારે/બપોરે/સાંજે

2012 - 18
1237+
સફળ ઉમેદવાર

10 Mega Test Paper

32+ Weekly Test
MEGA TEST SERIES ON OMR SHEET

➤ સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો ઊંડાણપૂર્વકનો પાયાની સમજથી અભ્યાસ.
➤ સ્પર્ધાત્મક પરીક્ષાની નિષ્ણાતો દ્વારા અભ્યાસ
➤ પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી
➤ સ્માર્ટ વર્ક અને સમજણ શકિતના સમન્વયથી અભ્યાસ
➤ શરૂઆતથી છેક પરીક્ષાખંડ સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ
➤ ગુજરાતી, ENGLISH, ગણિત અને સામાન્ય જ્ઞાનના 15 થી વધુ વિષયોની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા
➤ ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી એડવાન્સ લેવલ મટીરિયલ્સ

icerajkotofficial icerajkot iceonline.in

## 13 MAY, 2019 MONDAY

### ➤ સન્ડે ટાઈમ્સ રિચ લિસ્ટ 2019





બ્રિટનના પ્રસિદ્ધ ન્યુઝ પેપર સન્ડે ટાઈમ્સ દ્વારા તાજેતરમાં 'સન્ડે ટાઈમ્સ રિચ લિસ્ટ 2019' નામથી બ્રિટનના સૌથી ધનવાન 1000 વ્યક્તિઓની એક યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

- આ યાદીમાં ભારતીય મૂળના હિંદુજા બંધુઓ શ્રી ચંદ હિંદુજા અને શ્રી ગોપીચંદ હિંદુજા 22 અબજ પાઉન્ડની સંપત્તિ સાથે પ્રથમ ક્રમે છે.
- જ્યારે મૂળ મુંબઈના શ્રી ડેવિડ અને સિમોન રૂબેન 18.66 અબજ પાઉન્ડની સંપત્તિ સાથે આ યાદીમાં બીજા ક્રમે છે.

**The Sunday Times The Rich List 2019**

| ક્રમ | નામ | સંપતિ (અબજ પાઉન્ડમાં) |
|---|---|---|
| 1 | શ્રી ચંદ–ગોપીચંદ હિંદુજા & ફેમિલી | 22.00 |
| 2 | શ્રી ડેવિડ અને સિમોન રૂબેન | 18.66 |
| 3 | શ્રી જિમ રેટક્લિફ | 18.15 |
| 4 | સર લેન બ્લોવાન્ટિક | 14.37 |
| 5 | સર જેમ્સ ડાયસન & ફેમિલી | 12.06 |

આપની તૈયારીને શ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ........



Daily Test Paper
WITH OMR SHEET
તલાટી / બિનસચિવાલય પેપર
(દરરોજ 1 પેપર)
Download From Here
t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot.in
ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ IPL 2019

ભારતમાં 23 માર્ચથી 12 મે 2019 દરમિયાન IPLની 12મી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.

- આ ટુર્નામેન્ટમાં કુલ આઠ ટીમોએ ભાગ લીધો હતો.
- જેમાં IPL 2019ની ફાઈનલ મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સને 1 રનથી પરાજય આપીને મુંબઈ ઈન્ડિયન્સે આ ટુર્નામેન્ટ ચોથી વખત જીતી લીધી છે.
- આ સાથે જ મુંબઈ ઈન્ડિયન્સ સૌથી વધુ ચાર વખત IPL વિજેતા ટીમ બની ગઈ છે.




**સૌથી વધુ વખત IPL વિજેતા ટીમ**

| ક્રમ | ટીમનું નામ | કેટલી વખત વિજેતા |
|---|---|---|
| 1 | મુંબઈ ઈન્ડિયન્સ | 4 |
| 2 | ચેન્નાઈ સુપર કિંગ્સ | 3 |
| 3 | કોલકાતા નાઈટ રાઈડર્સ | 2 |


નોંધ : IPL 2019ની ચેમ્પિયન ટીમ મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટનનું નામ શ્રી રોહિત શર્મા છે.

**IPL 2019ની ફાઈનલ મેચ**

IPL 2019ની ફાઈનલ મેચ હૈદરાબાદના શ્રી રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં યોજાઈ હતી.

- આ ફાઈનલ મેચમાં 14 રન આપી 2 વિકેટ ઝડપનાર મુંબઈ ઈન્ડિયન્સના શ્રી જસપ્રીત બુમરાહ 'મેન ઓફ ધ મેચ' જાહેર થયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®





## મેન ઓફ ધ સીરિઝ 2019

IPL 2019માં કોલકાતા નાઈટ રાઈડર્સના ઓલ રાઉન્ડર શ્રી એન્ડ્રુ રસેલ 'મેન ઓફ ધ સીરિઝ' જાહેર થયા હતા.

- IPL 2019માં તેમણે 510 રન બનાવ્યા હતા અને 11 વિકેટ પણ ઝડપી હતી.
- IPL 2019માં સૌથી વધુ 52 સિક્સ ફટકારવાનો રેકોર્ડ પણ શ્રી એન્ડ્રુ રસેલના નામે જ છે.
- IPL 2019માં સૌથી વધુ સ્ટ્રાઈક રેટ 204.81 શ્રી એન્ડ્રુ રસેલનો જ હતો.

નોંધ : IPLમાં કોલકાતા નાઈટ રાઈડર્સ તરફથી રમતા શ્રી એન્ડ્રુ રસેલ વેસ્ટ ઈન્ડિઝના ક્રિકેટ ખેલાડી છે.



## IPL 2019 એવોર્ડ


આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ 692 રન કરનાર સનરાઈઝર્સ હૈદરાબાદ ટીમના બેટ્સમેન શ્રી ડેવિડ વોર્નરને સૌથી વધુ રન માટેનો ઓરેન્જ કેપ એવોર્ડ એનાયત થયો હતો.

- IPLમાં સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી રમતા શ્રી ડેવિડ વોર્નર ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર છે.
- આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ 26 વિકેટ ઝડપનાર ચેન્નાઈ સુપર કિંગ્સના શ્રી ઈમરાન તાહિરને સૌથી વધુ વિકેટનો પર્પલ કેપ એવોર્ડ એનાયત થયો હતો.
- IPLમાં ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રમતા શ્રી ઈમરાન તાહિર સાઉથ આફ્રિકાના ક્રિકેટ ખેલાડી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## IPL 2019ના ખૂબ જ મહત્ત્વના એવોર્ડ અને અચિવમેન્ટ





રનર્સ અપ ઓફ IPL 2019
ચેન્નાઈ સુપર કિંગ્સ




મેન ઓફ ધ મેચ (ફાઈનલ)
શ્રી જસપ્રીત બુમરાહ (મુંબઈ ઈન્ડિયન્સ)



મેન ઓફ ધ સીરિઝ / મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર ઓફ ધ સીરિઝ
શ્રી એન્ડ્રુ રસેલ (કોલકાતા નાઈટ રાઈડર્સ)

ચેમ્પિયન્સ ઓફ IPL 2019
મુંબઈ ઈન્ડિયન્સ



સૌથી વધુ રન માટેનો 'ઓરેન્જ કેપ એવોર્ડ'
શ્રી ડેવિડ વોર્નર (સનરાઈઝર્સ હૈદરાબાદ)



સૌથી વધુ વિકેટ માટેનો 'પર્પલ કેપ એવોર્ડ'
શ્રી ઈમરાન તાહિર (ચેન્નાઈ સુપર કિંગ્સ)

## IPL 2019 અન્ય એવોર્ડ

| ક્રમ | એવોર્ડ | વિજેતા ખેલાડી | ટીમનું નામ |
|---|---|---|---|
| 1 | સુપર સ્ટ્રાઈકર ઓફ ધ સીરિઝ | શ્રી એન્દ્રુ રસેલ | કોલકાતા નાઈટ રાઈડર્સ |
| 2 | સ્ટાઈલીશ પ્લેયર ઓફ ધ સીરિઝ | શ્રી કે. એલ. રાહુલ | કિંગ્સ ઈલેવન પંજાબ |
| 3 | પરફેક્ટ કેચ ઓફ ધ સીરિઝ | શ્રી કાયરન પોલાર્ડ | મુંબઈ ઈન્ડિયન્સ |
| 4 | ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ સીરિઝ | શ્રી સુબમન ગીલ | કોલકાતા નાઈટ રાઈડર્સ |
| 5 | ડ્રીમ 11 ગેમ ચેન્જર ઓફ ધ સીરિઝ | શ્રી રાહુલ ચહર | મુંબઈ ઈન્ડિયન્સ |
| 6 | ફાસ્ટેસ્ટ ફીફટી એવોર્ડ | શ્રી હાર્દિક પંડયા | મુંબઈ ઈન્ડિયન્સ |
| 7 | સૌથી વધુ સિક્સનો એવોર્ડ | શ્રી એન્દ્રુ રસેલ | કોલકાતા નાઈટ રાઈડર્સ |
| 8 | IPL ફેયરપ્લે એવોર્ડ | – | સનરાઈઝર્સ હૈદરાબાદ |

## IPL ટુર્નામેન્ટમાં વિજેતા ટીમને અપાતી રકમ

IPLમાં વિજેતા ટીમોને કુલ <u>રૂ. 50 કરોડ</u>ના ઈનામ આપવામાં આવે છે. જે આ પ્રમાણે છે :

### IPL Prize Money

| ક્રમ | વિશેષતા | રકમ રૂપિયામાં |
|---|---|---|
| 1 | વિજેતા ટીમ | 20 કરોડ |
| 2 | રનર્સ અપ | 12.5 કરોડ |
| 3 | સેકન્ડ રનર્સ અપ | 8.75 કરોડ |
| 4 | ચોથા નંબરની ટીમ | 8.75 કરોડ |

### IPL 2019માં વિજેતા ટીમનો ક્રમ

| ક્રમ | વિશેષતા | ટીમનું નામ |
|---|---|---|
| 1 | વિજેતા ટીમ | મુંબઈ ઈન્ડિયન્સ |
| 2 | રનર્સ અપ | ચેન્નાઈ સુપર કિંગ્સ |
| 3 | સેકન્ડ રનર્સ અપ | દિલ્હી કેપિટલ્સ |
| 4 | ચોથા નંબરની ટીમ | સનરાઈઝર્સ હૈદરાબાદ |

**નોંધ :** IPLમાં ઓરેન્જ કેપ,પર્પલ કેપ એવોર્ડ વિજેતા ખેલાડીઓને 10-10 લાખ રૂપિયા ઈનામ તરીકે આપવામાં આવે છે.

## IPL

IPLનું પૂરું નામ <u>'ઈન્ડિયન પ્રીમિયર લીગ'</u> છે. IPLએ ભારતની <u>પ્રોફેશનલ T-20 ક્રિકેટ લીગ</u> છે.




- <u>BCCI</u> દ્વારા IPLની સ્થાપના કરવામાં આવી હતી.
- IPLની સ્થાપનામાં <u>શ્રી લલિત મોદી</u>ની મહત્ત્વની ભૂમિકા હતી.
- શ્રી લલિત મોદીના વિચારથી જ ભારતમાં IPLની સ્થાપના કરવામાં આવી હતી. તેઓ IPLના પ્રથમ ચેરમેન અને કમિશનર હતા.
- IPLની પ્રથમ ટુર્નામેન્ટ વર્ષ <u>2008</u>માં યોજાઈ હતી. વર્ષ 2008થી દર વર્ષે <u>એપ્રિલ-મે</u> દરમિયાન ભારતમાં આ ટુર્નામેન્ટ યોજાય છે.
- વર્ષ 2008માં યોજાયેલી IPLની પ્રથમ ટુર્નામેન્ટમાં વિજેતા ટીમનું નામ <u>રાજસ્થાન રોયલ્સ</u> છે.
- અત્યાર સુધીમાં સૌથી વધુ <u>ચાર</u> વખત આ ટુર્નામેન્ટ વિજેતા ટીમનું નામ <u>મુંબઈ ઈન્ડિયન્સ</u> છે.
- તાજેતરમાં IPL વિજેતા મુંબઈ ઈન્ડિયન્સે <u>2019</u> ઉપરાંત વર્ષ <u>2017,2015</u> અને <u>2013</u>માં આ ટુર્નામેન્ટ જીતી હતી.
- IPLનું સંચાલન <u>BCCI</u> દ્વારા કરવામાં આવે છે.
- BCCIનું પૂરું નામ <u>'બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા'</u> છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## IPL ટુર્નામેન્ટ વિજેતા ટીમ

| ક્રમ | વર્ષ | વિજેતા | રનર્સ અપ |
|---|---|---|---|
| પ્રથમ | 2008 | રાજસ્થાન રોયલ્સ | ચેન્નાઈ સુપર કિંગ્સ |
| દસમી | 2017 | મુંબઈ ઈન્ડિયન્સ | રાઈઝિંગ પૂણે સુપરજાયન્ટ |
| અગિયારમી | 2018 | ચેન્નાઈ સુપર કિંગ્સ | સનરાઈઝર્સ હૈદરાબાદ |
| બારમી | 2019 | મુંબઈ ઈન્ડિયન્સ | ચેન્નાઈ સુપર કિંગ્સ |

નોંધ : (1) સ્ટાર સ્પોર્ટ્સે વર્ષ 2018 થી 2022 સુધી પાંચ વર્ષ માટે રૂા. 16,347.5 કરોડમાં IPLના મીડિયા રાઈટ્સ ખરીધ્યા છે.

(2) જ્યારે વર્ષ 2016 થી 2022 સુધી IPLના ટાઈટલની સ્પોન્સર કંપનીનું નામ Vivo છે.

(3) IPL 2019માં દિલ્હી ડેરડેવિલ્સ ટીમનું નામ બદલીને 'દિલ્હી કેપિટલ્સ' કરવામાં આવ્યું હતું.

(4) IPLના વર્તમાન ચેરમેન (13 મે, 2019ની સ્થિતિએ) શ્રી રાજીવ શુકલા છે.


કરી શકો જો યુદ્ધ પહેલા જ, યુદ્ધની કવાયત
GPSCનો જંગ જીતવા, આવો કરીએ જમાવટ

GPSC
ક્લાસ 1/2
P.I. • S.T.I. • DY.SO • DY.MAMLATDAR

નવી બેચ શરૂ
સાંજે 7 થી 9

GPSC દ્વારા ICEના 170થી વધુ અધિકારીશ્રીઓ

વિકલી OMR પેપર પ્રેક્ટિસ

સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ

GPSC CLASS 1/2 ઓફિસર બનેલા વિદ્યાર્થી ઉમેદવારોનું સ્વાનુભવસિદ્ધ માર્ગદર્શન

શરૂઆતથી નિમણૂક પત્ર સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ

GPSCની નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ ટુ ધી પોઈન્ટ રીડીંગ મટીરિયલ્સ

પરીક્ષા પાસ કરવાની આક્રમક વ્યૂહરચના

દરેક વિષયની ઉંડાણપૂર્વકની કન્સેપ્ચ્યુઅલ તૈયારી

GPSC CLASS 1/2ની એક્સપર્ટ ટીમ દ્વારા કોચિંગ

કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે, રાજકોટ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

Call : 9375701110 / 9328001110

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | ‘સન્ડે ટાઈમ્સ’ દ્વારા પ્રસિદ્ધ થયેલી બ્રિટનના સૌથી ધનવાન વ્યક્તિઓની એક હજાર લોકોની યાદીમાં ભારતીય મૂળના કયા વ્યક્તિ પ્રથમ ક્રમે છે ?<br>(A) શ્રી લક્ષ્મી મિત્તલ (B) શ્રી ડેવિડ અને સિમોન રૂબેન<br>(C) શ્રીમતી કિરણ મજુમદાર–શો (D) શ્રી ચંદ હિન્દુજા અને શ્રી ગોપીચંદ હિન્દુજા | (D) |
| 2. | 23 માર્ચથી 12 મે, 2019 દરમિયાન ભારતમાં IPLની કેટલામી ટુર્નામેન્ટનું આયોજન થયું હતું ?<br>(A) તેરમી (B) બારમી (C) દસમી (D) અગિયારમી | (B) |
| 3. | IPL 2019માં કુલ કેટલી ટીમોએ ભાગ લીધો હતો ?<br>(A) 6 (B) 10 (C) 7 (D) 8 | (D) |
| 4. | IPL 2019 વિજેતા ટીમનું નામ શું છે ?<br>(A) સનરાઈઝર્સ હૈદરાબાદ (B) મુંબઈ ઈન્ડિયન્સ<br>(C) રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (D) ચેન્નાઈ સુપર કિંગ્સ | (B) |
| 5. | IPL 2019ની ફાઈનલ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે કઈ ટીમને પરાજય આપીને આ ટુર્નામેન્ટ જીતી લીધી હતી ?<br>(A) દિલ્હી કેપિટલ્સ (B) કિંગ્સ ઈલેવન પંજાબ<br>(C) ચેન્નાઈ સુપર કિંગ્સ (D) સનરાઈઝર્સ હૈદરાબાદ | (C) |
| 6. | IPL 2019ની ફાઈનલ મેચ કયા ગ્રાઉન્ડ પર યોજાઈ હતી ?<br>(A) ઈડન ગાર્ડન, કોલકાતા (B) શ્રી એમ. એ. ચિદમ્બરમ્ સ્ટેડિયમ, ચેન્નાઈ<br>(C) શ્રી રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ, હૈદરાબાદ (D) વાનખેડે સ્ટેડિયમ, મુંબઈ | (C) |
| 7. | IPL 2019ની ફાઈનલ મેચમાં મેન ઓફ ધ મેચ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?<br>(A) શ્રી એન્ડ્રુ રસેલ (B) શ્રી કેન વિલિયમ્સન (C) શ્રી રિષભ પંત (D) શ્રી જસપ્રીત બુમરાહ | (D) |
| 8. | IPL 2019માં મેન ઓફ ધ સીરિઝ (અથવા પ્લેયર ઓફ ધ સીરિઝ) અથવા તો મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર ઓફ ધ સીરિઝ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?<br>(A) શ્રી રિષભ પંત (B) શ્રી ઈમરાન તાહિર (C) શ્રી ડેવિડ વોર્નર (D) શ્રી એન્ડ્રુ રસેલ | (D) |
| 9. | IPL 2019માં સૌથી વધુ રન માટેના ઓરેન્જ કેપ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?<br>(A) શ્રી વિરાટ કોહલી (B) શ્રી મહેન્દ્રસિંહ ધોની (C) શ્રી ડેવિડ વોર્નર (D) શ્રી એન્ડ્રુ રસેલ | (C) |
| 10. | IPL 2019માં સૌથી વધુ વિકેટ માટેના પર્પલ કેપ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?<br>(A) શ્રી શેન વોટ્સન (B) શ્રી સુનીલ નરીન (C) શ્રી રિષભ પંત (D) શ્રી ઈમરાન તાહિર | (D) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**11.** IPL 2019માં ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ સીરિઝ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) શ્રી શેન વોટ્સન (B) શ્રી સુબમન ગીલ (C) શ્રી એન્ડ્રુ ટાય (D) શ્રી રિષભ પંત **(B)**

**12.** IPLનું પૂરું નામ શું છે ?

(A) ઈન્ડિયન પ્રાઈવેટ લીગ (B) ઈન્ડિયન પ્રો લીગ

(C) ઈન્ડિયન પ્રીમિયર લીગ (D) ઈન્ડિયન પ્રીમિયમ લીગ **(C)**

**13.** ભારતની પ્રોફેશનલ T-20 ક્રિકેટ લીગનું નામ શું છે ?

(A) ICL (B) ICC (C) IICC (D) IPL **(D)**

**14.** BCCI દ્વારા IPLની પ્રથમ ટુર્નામેન્ટનું આયોજન ક્યારે કરવામાં આવ્યું હતું ?

(A) 2005 (B) 2006 (C) 2007 (D) 2008 **(D)**

**15.** વર્ષ 2018થી 2022 સુધી પાંચ વર્ષ માટે IPLના મીડિયા રાઈટ્સ કોણે ખરીદ્યા છે ?

(A) Zee TV (B) NDTV (C) Vivo (D) STAR Sports **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



14 MAY, 2019 TUESDAY

## ➤ ભારતના પ્રસિદ્ધ બિરહા ગાયક શ્રી હીરાલાલ યાદવનું નિધન



ભારતના પ્રસિદ્ધ **બિરહા ગાયક શ્રી હીરાલાલ યાદવનું** 12 મે, 2019ના રોજ **ઉત્તરપ્રદેશ**ના **વારાણસી** ખાતે 93 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 1936માં **ઉત્તરપ્રદેશ**માં **વારાણસી** જિલ્લાના **ચેતગંજ** સ્થિત **સરાયગોવર્ધન**માં થયો હતો.
- શ્રી હીરાલાલ યાદવ **'બિરહા સમ્રાટ'** તરીકે પ્રસિદ્ધ છે.
- તેમણે તેમના સાથી **'બૂલ્લુ'** સાથે મળીને **'હીરા-બૂલ્લુ'**ની જોડીએ લગભગ સાત દાયકા સુધી ગામે–ગામ ફરીને લોકોને બિરહાથી પરિચિત કરાવ્યા હતા.
- તેમના આ પ્રદાન બદલ ભારત સરકારે શ્રી હીરાલાલ યાદવને તાજેતરમાં વર્ષ **2019**માં **'પદ્મ શ્રી'** પુરસ્કારથી સન્માનિત કર્યા હતા.
- આ અગાઉ ઉત્તરપ્રદેશ સરકારે તેમને વર્ષ **2015**માં **ઉત્તરપ્રદેશ**ના સર્વોચ્ચ પુરસ્કાર **'યશ ભારતી એવોર્ડ'**થી સન્માનિત કર્યા હતા.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### બિરહા શું છે ?

'બિરહા'એ ભારતમાં **ઉત્તરપ્રદેશ અને બિહાર**ની ભોજપુરી ભાષાની લોક ગાયનની વિશિષ્ટ કળા છે.

- બ્રિટિશ શાસન દરમિયાન 19મી સદીમાં તેનો પ્રારંભ થયો હતો.
- ઉત્તરપ્રદેશ અને બિહારમાં પરંપરાગત રીતે ધાર્મિક તહેવારો, ઉત્સવો તથા શુભ પ્રસંગે **'બિરહા'** ગીતો ગવાય છે.

**નોંધ :** શ્રી હીરાલાલ યાદવનું **'બિરહા'** ઉપરાંત ભક્તિના રંગે રંગાયેલા **લોકગીતો** અને **'કજરી'** પર પણ સારું એવું પ્રભુત્વ હતું.


## ➤ કેરળના પ્રસિદ્ધ ત્રિશુર પુરમ ઉત્સવનો પ્રારંભ



13 મે 2019ના રોજ **કેરળ**ના **ત્રિશુર** ખાતે આવેલા **વડક્કુમનાથન મંદિર**માં કેરળના પ્રસિદ્ધ **ત્રિશુર પુરમ ઉત્સવ**નો પ્રારંભ થયો છે.

- **Thechikottukavu Ramachandran** નામના **હાથી**એ પ્રતિકાત્મક રીતે મંદિરના દ્વાર ખોલીને આ ઉત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.
- કેરળના ત્રિશુરમાં દેવી દુર્ગા અને ભગવાન શિવની પૂજા અર્ચના નિમિત્તે આ ઉત્સવ યોજાય છે.
- આ ઉત્સવ માત્ર કેરળનો જ નહિ, પરંતુ **દક્ષિણ ભારતનો પ્રસિદ્ધ ઉત્સવ** છે. જેમાં અનેક પર્યટકો ભાગ લે છે.
- આ ઉત્સવમાં રંગ–બેરંગી કપડામાં સજ્જ લોકો અને વિશિષ્ટ રીતે સજાવેલા અનેક હાથીઓ આકર્ષણનું કેન્દ્ર બને છે.

## ➤ ITCના ચેરમેન શ્રી યોગેશ ચંદર દેવેશ્વરનું નિધન



**ITC** કંપનીના ચેરમેન **શ્રી યોગેશ ચંદર દેવેશ્વરનું** તાજેતરમાં **ગુરૂગ્રામ** ખાતે નિધન થયું છે.

- ભારતની કોઈ એક કંપનીમાં **સૌથી લાંબો સમય CEO** તરીકે કાર્ય કરવાનો રેકોર્ડ તેમના નામે હતો.
- તેઓ 1 જાન્યુઆરી 1996થી 4 ફેબ્રુઆરી 2017 સુધી ITCના ચેરમેન હતા.
- તેઓ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)ના સેન્ટ્રલ બોર્ડના ડિરેક્ટર પણ હતા.
- ભારત સરકારે તેમને વર્ષ **2011**માં **'પદ્મ ભૂષણ'** પુરસ્કારથી સન્માનિત કર્યા હતા.

**નોંધ :** ITC લિમિટેડએ ભારતની મલ્ટિનેશનલ કંપની છે. તેનું વડું મથક પશ્ચિમ બંગાળના **કોલકાતા**માં આવેલું છે.

### ICE Questions

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં શ્રી હીરાલાલ યાદવનું નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
   (A) સમાજસેવા (B) શિક્ષણ (C) લોકગાયન (D) પત્રકારત્વ — **(C)**

2. તાજેતરમાં શ્રી હીરાલાલ યાદવનું નિધન થયું છે...તેમણે લોકગાયનની કઈ શૈલીને વિશેષ ખ્યાતિ અપાવી હતી ?
   (A) બિહુ (B) બિસરી (C) તિરાના (D) બિરહા — **(D)**

3. 'બિરહા સમ્રાટ' તરીકે પ્રસિદ્ધ લોકગાયક શ્રી હીરાલાલ યાદવનું તાજેતરમાં નિધન થયું છે....તેમનો જન્મ કયાં થયો હતો ?
   (A) ઉત્તરપ્રદેશ (B) બિહાર (C) મધ્યપ્રદેશ (D) ઉત્તરાખંડ — **(A)**

4. 'બિરહા સમ્રાટ' તરીકે પ્રસિદ્ધ ભોજપુરી ગાયક શ્રી હીરાલાલ યાદવનું તાજેતરમાં નિધન થયું છે.... તેમને નીચેનામાંથી કયા એવોર્ડ એનાયત થયા હતા ?
   1. યશ ભારતી એવોર્ડ 2015
   2. પદ્મ શ્રી પુરસ્કાર 2019
   3. પદ્મ ભૂષણ પુરસ્કાર 2019
   
   Ans. : (A) 1 અને 3 (B) 1 અને 2 (C) ફક્ત 2 (D) ફક્ત 3 — **(B)**

5. 'બિરહા' લોકગાયન કલાનો સંબંધ ભારતના કયા ક્ષેત્ર સાથે છે ?
   (A) મણિપુર અને ત્રિપુરા (B) કેરળ અને તમિલનાડુ
   (C) પંજાબ અને હરિયાણા (D) ઉત્તરપ્રદેશ અને બિહાર — **(D)**

6. ભારતમાં હાથીઓની સજાવટ માટે દક્ષિણ ભારતનો પ્રસિદ્ધ ત્રિશુર પુરમ ઉત્સવ ભારતના કયા રાજ્યમાં યોજાય છે ?
   (A) તમિલનાડુ (B) કેરળ (C) કર્ણાટક (D) આંધ્રપ્રદેશ — **(B)**

7. ભારતમાં કોઈ એક કંપનીના CEO તરીકે સૌથી લાંબો સમય કામ કરનાર શ્રી યોગેશ ચંદર દેવેશ્વર અથવા તો શ્રી વાય. સી. દેવેશ્વરનું તાજેતરમાં નિધન થયું છે...તેમણે કઈ કંપનીના CEO તરીકે આ રેકોર્ડ સર્જ્યો હતો.
   (A) TCS (B) ITC (C) L & T (D) MTNL — **(B)**

## 15 MAY, 2019 WEDNESDAY

### ➤ સુરતમાં જાહેર જગ્યાએ જન્મદિનની હિંસાત્મક ઉજવણી પર પ્રતિબંધ

તાજેતરમાં ગુજરાતમાં સુરત શહેર પોલીસ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરીને સુરતમાં જાહેર સ્થળોએ જન્મદિવસની ઉજવણી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

- આ અંતર્ગત સુરત શહેર પોલીસ કમિશનરેટ હદ વિસ્તારમાં રાત્રીના સમયે જાહેર સ્થળોએ અન્ય વ્યક્તિ પર જબરજસ્તીથી બળપૂર્વક કેક કે સેલો ટેપ લગાવવી કે કેમિકલ વગેરે કોઈ ફોમનો ઉપયોગ કરી જાહેર જનતાને ત્રાસદાયક રીતે અને જાહેર સંપત્તિને નુકશાન થાય તે રીતે જાહેર જગ્યાઓમાં જન્મદિવસની ઉજવણી પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.
- સુરત શહેરના અમુક વિસ્તારોમાં તાજેતરમાં જન્મદિવસની ઉજવણી દરમિયાન હિંસા અને મૃત્યુના કિસ્સાઓ સામે આવ્યા હતા.
- આથી, સુરત પોલીસ દ્વારા જાહેર સ્થળોએ થતી જન્મદિવસની હિંસાત્મક અને ક્રૂર ઉજવણી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ સુશ્રી જી. એસ. લક્ષ્મી ICCના પ્રથમ મહિલા રેફરી બન્યા



ICC એટલે કે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના સૌપ્રથમ મહિલા રેફરી તરીકે ભારતના સુશ્રી જી. એસ. લક્ષ્મીની પસંદગી કરવામાં આવી છે.

- 14 મે, 2019ના રોજ ICC દ્વારા સુશ્રી જી. એસ. લક્ષ્મીનો ICCના મેચ રેફરીની ઈન્ટરનેશનલ પેનલમાં સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ સાથે જ તેઓ ICCના પ્રથમ મહિલા રેફરી બની ગયા છે.
- ભારતમાં મૂળ આંધ્રપ્રદેશના સુશ્રી જી.એસ. લક્ષ્મીએ અનેક મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટમાં મેચ રેફરીની ભૂમિકા નિભાવી છે.

#### પુરુષોની મેચમાં અમ્પાયરીંગ કરનાર પ્રથમ મહિલા

સુશ્રી જી. એસ. લક્ષ્મીની ICCના પ્રથમ મહિલા રેફરી તરીકે નિમણૂક અગાઉ તાજેતરમાં ઓસ્ટ્રેલિયાના સુશ્રી ક્લેયર પોલોસેક પુરુષોની મેચમાં અમ્પાયરીંગ કરનાર પ્રથમ મહિલા બની ગયા હતા.

- તાજેતરમાં નામીબિયા અને ઓમાન વચ્ચે રમાયેલી ICC વર્લ્ડ ક્રિકેટ લીગની આંતરરાષ્ટ્રીય મેચમાં તેમણે આ સિદ્ધિ હાંસલ કરી હતી.
- આ અગાઉ વર્ષ 2017માં તેમણે ઓસ્ટ્રેલિયામાં પુરુષોની ઘરેલુ ક્રિકેટ મેચમાં અમ્પાયરીંગ કરનાર પ્રથમ મહિલા બનવાની સિદ્ધિ મેળવી હતી.

## ➤ યંગ સાયન્ટિસ્ટ પ્રોગ્રામ - YUVIKA 2019 લોન્ચ



13 મે 2019ના રોજ ઈસરોના ચેરમેન ડો. કે. સિવને કર્ણાટકના બેંગાલુરુ ખાતેથી યંગ સાયન્ટિસ્ટ પ્રોગ્રામનો પ્રારંભ કર્યો છે.

- આ પ્રોગ્રામને ટૂંકમાં 'YUVIKA 2019' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- YUVIKAનું પૂરું નામ YUva VIigyani KAryakram છે.
- આ પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને અવકાશ ટેક્નોલોજીનું પાયાનું જ્ઞાન ઉપલબ્ધ કરાવવાનો છે.
- આ પ્રોગ્રામ અંતર્ગત દેશના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી પસંદ કરવામાં આવેલા આશરે 100થી 110 જેટલા વિદ્યાર્થીઓને ઈસરોના વિવિધ સેન્ટરોમાં લઈ જઈને બે સપ્તાહ સુધી તાલીમ આપવામાં આવશે.
- આ પ્રોગ્રામ અંતર્ગત વિદ્યાર્થીઓને નીચેના સેન્ટરોની મુલાકાતે લઈ જવામાં આવશે :
  (1) Vikram Sarabhai Space Centre (VSSC), Thiruvananthpuram.
  (2) U R Rao Satellite Centre (URSC), Bengaluru.
  (3) Space Applications Centre (SAC), Ahmedabad.
  (4) North Eastern Space Applications Centre (NESAC), Shillong.
  (5) Satish Dhawan Space Centre (SDSC), Shriharikota.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ISRO

ISROનું પૂરું નામ 'ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર)' છે.

- ઈસરોની સ્થાપના 15 ઓગસ્ટ, 1969ના રોજ થઈ હતી.
- જોકે INCOSPAR (ઈન્ડિયન નેશનલ કમિટી ફોર સ્પેસ રિસર્ચ) રૂપે તેની સ્થાપના 1962માં થઈ હતી.
- ઈસરોનું વડું મથક કર્ણાટકના બેંગલોર ખાતે આવેલું છે.
- ઈસરોનું આદર્શ વાક્ય 'માનવ જાતિની સેવામાં અવકાશ ટેક્નોલોજી' છે.
- ઈસરોની વેબસાઈટનું નામ www.isro.gov.in છે.

### ICE Questions

1. તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં જાહેર જગ્યાએ જન્મદિનની હિંસાત્મક ઉજવણી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ?
   (A) અમદાવાદ (B) રાજકોટ (C) સુરત (D) વડોદરા **(C)**

2. ICCના પ્રથમ મહિલા રેફરી તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
   (A) સુશ્રી ક્લેયર પોલોસેક (B) સુશ્રી એસ. સુબ્બુલક્ષ્મી
   (C) સુશ્રી ડાયના એલન (D) સુશ્રી જી.એસ.લક્ષ્મી **(D)**

| | | |
|---|---|---|
| 3. | પુરુષોની આંતરરાષ્ટ્રીય મેચમાં અમ્પાયરીંગ કરનાર વિશ્વના પ્રથમ મહિલા અમ્પાયરનું નામ શું છે ?<br>(A) સુશ્રી ક્લેયર પોલોસેક (B) સુશ્રી ડાયના એલન<br>(C) સુશ્રી ક્લેયર પોલાર્ડ (D) સુશ્રી ક્લેયર પોલેક્સ | (A) |
| 4. | પુરુષોની આંતરરાષ્ટ્રીય મેચમાં અમ્પાયરીંગ કરનાર વિશ્વના પ્રથમ મહિલા અમ્પાયર સુશ્રી ક્લેયર પોલોસેકના દેશનું નામ શું છે ?<br>(A) ઈંગ્લેન્ડ (B) ઓસ્ટ્રેલિયા (C) ન્યુઝીલેન્ડ (D) સાઉથ આફ્રિકા | (B) |
| 5. | 13 મે 2019ના રોજ યંગ સાયન્ટિસ્ટ પ્રોગ્રામ-Yuvika 2019નો પ્રારંભ કોના દ્વારા થયો હતો ?<br>(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી એમ. વેંકૈયા નાયડુ<br>(C) શ્રી નરેન્દ્રભાઈ મોદી (D) ડો. કે. સિવન | (D) |
| 6. | તાજેતરમાં 13 મે 2019ના રોજ ઈસરોના ચેરમેન ડો. કે. સિવને યંગ ઈન્ડિયા સાયન્ટિસ્ટ પ્રોગ્રામનો કયાંથી પ્રારંભ કરાવ્યો છે ?<br>(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) બેંગાલુરુ (D) શ્રી હરિકોટા | (C) |
| 7. | ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આશરે 100થી 110 જેટલા વિદ્યાર્થીઓને અવકાશ વિજ્ઞાનનું પાયાનું જ્ઞાન આપવા માટે ઈસરો દ્વારા કયો પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે ?<br>(A) અવકાશ વિજ્ઞાન પ્રોગ્રામ (B) યુવા વૈજ્ઞાનિક પ્રોગ્રામ<br>(C) અવકાશ વૈજ્ઞાનિક પ્રોગ્રામ (D) યુવા વિજ્ઞાન પ્રોગ્રામ | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 16 MAY, 2019 THURSDAY

### ➤ દિવસ મહિમા : 16 મે, રાષ્ટ્રીય ડેંગ્યુ દિવસ

### ➤ પશ્ચિમ બંગાળની 9 બેઠકો પર એક દિવસ વહેલો ચૂંટણી પ્રચાર બંધ કરવાનો ચૂંટણી પંચનો આદેશ

ભારતમાં 17મી લોકસભા માટે તાજેતરમાં સાત તબક્કામાં મતદાનનું આયોજન થયું હતું.

- જેમાં 19 મે, 2019ના રોજ અંતિમ સાતમા તબક્કામાં કુલ 8 રાજ્યોની 59 બેઠકોમાંથી પશ્ચિમ બંગાળની 9 બેઠકો માટે પણ મતદાન થવાનું હતું.
- ભારતમાં સામાન્ય રીતે **ચૂંટણીનું મતદાન પૂરું થવાના સમયથી 48 કલાક અગાઉ ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.**
- આ અંતર્ગત પશ્ચિમ બંગાળમાં 19 મે, 2019ના રોજ યોજાનાર અંતિમ સાતમા તબક્કાના મતદાન અગાઉ 17 મે, 2019ની સાંજે 5 : 00 વાગ્યે ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ મૂકાવાનો હતો.
- પરંતુ, પશ્ચિમ બંગાળમાં આ નિર્ધારિત સમયના 19 કલાક પહેલા જ 16 મે, 2019ને રાત્રે 10 : 00 વાગ્યાથી જ ચૂંટણી પ્રચાર બંધ કરવા ચૂંટણી પંચે આદેશ આપ્યો છે.
- આ ઉપરાંત ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળના એડીજી CID અને ગૃહ વિભાગના અગ્ર સચિવને પણ ફરજ પરથી હટાવી દીધા હતા.

## ચૂંટણી પંચે આ નિર્ણય શા માટે કર્યો ?

- **14 મે 2019ના રોજ પશ્ચિમ બંગાળમાં ભાજપ અધ્યક્ષ શ્રી અમિત શાહના રોડ શોમાં ફાટી નીકળેલી હિંસા બાદ પશ્ચિમ બંગાળમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે** ચૂંટણી પંચે આ નિર્ણય કર્યો હતો.

## બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત આ નિર્ણય કર્યો

ભારતીય બંધારણના **અનુચ્છેદ 324** અંતર્ગત મળેલી સત્તાને આધારે ચૂંટણી પંચે આ નિર્ણય કર્યો હતો.

- ભારતમાં ચૂંટણી દરમિયાન ચૂંટણી પંચે અનુચ્છેદ 324નો ઉપયોગ કરવો પડયો હોય તેવી આ **પ્રથમ ઘટના** છે.
- ભારતમાં ચૂંટણીઓની દેખરેખ, દોરવણી અને નિયંત્રણ માટે ભારતીય બંધારણના **અનુચ્છેદ 324(1)** અંતર્ગત **ચૂંટણી પંચની** રચના કરવામાં આવી છે.

## કેન્દ્રીય ચૂંટણી પંચના કાર્યો અને શક્તિઓ

1. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, સંસદ અને રાજ્ય વિધાનમંડળની ચૂંટણીઓનું નિયંત્રણ અને નિર્દેશન કરવું.
2. ચૂંટણીની તારીખો અને કાર્યક્રમની જાહેરાત કરવી.
3. રાજકીય પક્ષોને માન્યતા તથા ચૂંટણી નિશાન (Election Symbol)ની ફાળવણી કરવી.
4. રાજકીય પક્ષોને ચૂંટણીમાં તેમના પ્રદર્શનને આધારે રાષ્ટ્રીય અથવા રાજ્ય સ્તરના રાજકીય પક્ષ તરીકે દરજ્જો આપવો.
5. ચૂંટણીની આચાર સંહિતા તૈયાર કરવી.
6. સંસદના સભ્યોની ગેરલાયકાત સંબંધી બાબતોમાં રાષ્ટ્રપતિને તથા રાજ્ય વિધાનમંડળના સભ્યોની ગેરલાયકાત અંગે રાજ્યપાલને સલાહ આપવી.
7. રાષ્ટ્રપતિ શાસન લાગુ હોય તેવા રાજ્યમાં 1 વર્ષ પછી ચૂંટણી કરવી કે નહિ તે નક્કી કરવું.

**નોંધ :** (1) કેન્દ્રીય ચૂંટણી પંચ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, રાજ્યસભાના સભ્યો, લોકસભા અને રાજ્ય વિધાનમંડળની ચૂંટણીનું સંચાલન અને આયોજન કરે છે.

(2) જ્યારે રાજ્ય ચૂંટણી પંચ પંચાયતો અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીનું સંચાલન અને આયોજન કરે છે.

## કેન્દ્રીય ચૂંટણી પંચ

- લોકસભાની ચૂંટણી કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા કરવામાં આવે છે.
- ભારતીય બંધારણનાં અનુચ્છેદ-324(1) અનુસાર સંસદ, રાજ્ય વિધાનમંડળ, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના પદોની ચૂંટણીની દેખરેખ, નિર્દેશન અને નિયંત્રણ માટે ચૂંટણીપંચની સ્થાપના કરવામાં આવી હતી.
- ચૂંટણીપંચની સ્થાપના 25 જાન્યુઆરી, 1950ના રોજ થઈ હતી.
- તેથી વર્ષ 2011 થી 25 જાન્યુઆરી **રાષ્ટ્રીય મતદાતા દિન** તરીકે ઉજવાય છે.
- બંધારણના અનુચ્છેદ-324(2) મુજબ ચૂંટણીપંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય બે ચૂંટણી કમિશનર હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર

- ભારતના **પ્રથમ** મુખ્ય **ચૂંટણી કમિશનર**નું નામ **શ્રી સુકુમાર સેન** છે.
- ભારતના પ્રથમ મહિલા મુખ્ય ચૂંટણી કમિશનરનું નામ **શ્રીમતી વી. એસ. રમાદેવી** (કાર્યકારી) છે.
- ભારતના વર્તમાન (16 મે, 2019ની સ્થિતિએ) મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય ચૂંટણી કમિશનરોના

  નામ આ પ્રમાણે છે :

  (1) શ્રી સુનિલ અરોરા (મુખ્ય ચૂંટણી કમિશનર)

  (2) શ્રી અશોક લવાસા(ચૂંટણી કમિશનર)

  (3) શ્રી સુશિલ ચંદ્રા (ચૂંટણી કમિશનર)




## ચૂંટણી કમિશનરની નિમણૂક અને રાજીનામું

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક ભારતના **રાષ્ટ્રપતિ** કરે છે.

- ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર પોતાનું રાજીનામું **રાષ્ટ્રપતિ**ને આપી શકે છે.

## ચૂંટણી કમિશનરનો કાર્યકાળ

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરનો કાર્યકાળ **6 વર્ષ અને 65 વર્ષની ઉંમર** એ બેમાંથી જે પહેલા આવે તે હોય છે.

## ચૂંટણી કમિશનરના વેતન અને ભથ્થા

ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોના વેતન અને ભથ્થા એક સમાન હોય છે.

- તેમને સુપ્રીમકોર્ટના ન્યાયાધીશ જેટલું જ એટલે કે પ્રતિ માસ **રૂ. 2,50,000** વેતન આપવામાં આવે છે.

**નોંધ :** **પશ્ચિમ બંગાળ**માં લોકસભાની કુલ **42 બેઠકો** આવેલી છે. તેમાંથી અંતિમ **સાતમા તબક્કા**માં 19 મે 2019ના રોજ **9 બેઠકો** માટે મતદાનનું આયોજન થયું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ શ્રી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર


14 મે 2019ના રોજ પશ્ચિમ બંગાળમાં ભાજપ અધ્યક્ષ શ્રી અમિત શાહના રોડ શો દરમિયાન ફાટી નીકળેલી હિંસામાં **શ્રી ઈશ્વર ચંદ્ર વિદ્યાસાગર**ની મૂર્તિ પણ ખંડિત થઈ ગઈ હતી.



- શ્રી ઈશ્વર ચંદ્ર વિદ્યાસાગરની આ મૂર્તિ પશ્ચિમ બંગાળના **કોલકાતા**ની **વિદ્યાસાગર કોલેજ**માં આવેલી છે.
- શ્રી ઈશ્વર ચંદ્ર વિદ્યાસાગરે **1872**માં આ કોલેજની સ્થાપના કરી હતી.
- સ્થાપના સમયે તે **'મેટ્રોપોલિટન ઈન્સ્ટિટ્યૂટ'** તરીકે ઓળખાતી હતી.
- આ **ભારતની પ્રથમ ખાનગી કોલેજ** હતી કે જે ભારતીયો દ્વારા ચલાવવામાં આવતી હતી, ભારતીયો દ્વારા તેમાં શિક્ષણ આપવામાં આવતું હતું અને ભારતીય લોકોના પૈસાથી તેનું નિર્માણ થયું હતું.

## શ્રી ઈશ્વર ચંદ્ર વિદ્યાસાગર

શ્રી ઈશ્વર ચંદ્ર વિદ્યાસાગરનું બાળપણનું નામ **શ્રી ઈશ્વર ચંદ્ર બંદોપાધ્યાય** હતું.



- **26 સપ્ટેમ્બર, 1820**ના રોજ **પશ્ચિમ બંગાળ**ના **બ્રિસિંઘા** નામના ગામમાં **બંગાળી હિંદુ બ્રાહ્મણ કુટુંબ**માં તેમનો જન્મ થયો હતો.
- તેમના પિતાનું નામ **શ્રી ઠાકુરદાસ બંદોપાધ્યાય** અને માતાનું નામ **શ્રીમતી ભગવતી દેવી** હતું.
- તેઓ એક ફિલોસોફર, શિક્ષક, લેખક, અનુવાદક, પ્રિન્ટર, પ્રકાશક, ઉદ્યોગસાહસિક અને સુધારક હતા.
- **બંગાળી ગદ્યને સરળ અને આધુનિક** બનાવવામાં તેમની અગત્યની ભૂમિકા હતી.
- તેમણે **બંગાળી મૂળાક્ષર અને લિપીને પણ સરળ અને તર્કસંગત** બનાવી હતી.
- બંગાળી ભાષાના શિક્ષણ માટે તેમને અનેક વિદ્યાલયો અને રાત્રી પાઠશાળાઓની સ્થાપના કરી હતી.
- સંસ્કૃત અને ફિલસૂફીમાં તેમની વિદ્વતાને કારણે કોલકાતાની **સંસ્કૃત કોલેજ**માંથી તેમને **'વિદ્યાસાગર'**નું બિરુદ મળ્યું હતું.
- શ્રી ઈશ્વર ચંદ્ર વિદ્યાસાગર આ સંસ્કૃત કોલેજમાંથી જ સ્નાતક થયા હતા.
- તેમણે **સંસ્કૃત ભાષા**ના પ્રચાર અને પ્રસાર માટે પણ પ્રયત્નો કર્યા હતા.
- શ્રી ઈશ્વર ચંદ્ર વિદ્યાસાગરને સુધારક તરીકે **શ્રી રાજા રામમોહન રાયના ઉત્તરાધિકારી** માનવામાં આવે છે.
- તેઓ **સ્ત્રી શિક્ષણના હિમાયતી** હતા અને તેમના પ્રયાસોથી કોલકાતા અને અન્ય સ્થળોએ અનેક **ગર્લ્સ સ્કૂલો**ની સ્થાપના થઈ હતી.
- તેમણે હિન્દુ સમાજમાં **વિધવા પુનર્લગ્ન** માટે લોકમત તૈયાર કર્યો. અને તેમના પ્રયાસોને કારણે જ ભારતમાં **1856**માં **વિધવા પુનર્લગ્ન કાયદો** પસાર થયો હતો.
- તેમણે તેમના એકના એક પુત્રના લગ્ન પણ એક વિધવા સાથે જ કરાવ્યા હતા.
- **1856**થી **1860** દરમિયાન તેમણે **25** જેટલી વિધવાઓના પુનર્લગ્ન કરાવ્યા હતા.
- આ ઉપરાંત તેમણે **બાળલગ્ન**નો પણ વિરોધ કર્યો હતો.
- **29 જુલાઈ, 1891**ના રોજ **પશ્ચિમ બંગાળ**ના **કોલકાતા**માં 70 વર્ષની વયે તેમનું નિધન થયું હતું.

**નોંધ :** (1) શ્રી ઈશ્વર ચંદ્ર વિદ્યાસાગરે તેમના જીવનના અંતિમ 18થી 20 વર્ષ દરમિયાન **ઝારખંડ**ના **કરમાતર**ને પોતાની કર્મભૂમિ બનાવી હતી.

(2) આથી, તેમના સન્માનમાં ઝારખંડના કરમાતર રેલવે સ્ટેશનને **'વિદ્યાસાગર'** નામ આપવામાં આવ્યું છે.

(3) શ્રી ઈશ્વર ચંદ્ર વિદ્યાસાગરે ઈ.સ. **1858**માં બંગાળી ન્યુઝપેપર **'શોમ પ્રકાશ'**નો પણ પ્રારંભ કર્યો હતો. આ ઉપરાંત તેમણે **'બંગલા-ર ઈતિહાસ'**, **'ઉપક્રમિકા'** વગેરે જેવા અનેક પુસ્તકો પણ લખ્યા છે.

(4) શ્રી ઈશ્વર ચંદ્ર વિદ્યાસાગરના સન્માનમાં બંગાળના પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી **શ્રી અનિલકુમાર ગેઈને** **1981**માં પશ્ચિમ બંગાળના **મિદનાપુર**માં **વિદ્યાસાગર યુનિવર્સિટી**ની સ્થાપના કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય ડેંગ્યુ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 14 મે (B) 15 મે (C) 16 મે (D) 17 મે **(C)**

2. તાજેતરમાં ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં લોકસભાની ચૂંટણીમાં સાતમા તબક્કાની કેટલી બેઠકો પર એક દિવસ વહેલો ચૂંટણી પ્રચાર બંધ કરવાનો નિર્ણય કર્યો હતો ?
(A) 12 (B) 10 (C) 9 (D) 7 **(C)**

3. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં સાતમા તબક્કાના મતદાન અગાઉ પશ્ચિમ બંગાળની 9 બેઠકો પર એક દિવસ વહેલો ચૂંટણી પ્રચાર બંધ કરાવ્યો હતો ?
(A) અનુચ્છેદ 124 (B) અનુચ્છેદ 314 (C) અનુચ્છેદ 214 (D) અનુચ્છેદ 324 **(D)**

4. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત ચૂંટણી પંચની રચના કરવામાં આવી છે ?
(A) અનુચ્છેદ 321 (B) અનુચ્છેદ 322 (C) અનુચ્છેદ 323 (D) અનુચ્છેદ 324 **(D)**

5. પશ્ચિમ બંગાળમાં કુલ કેટલી લોકસભા બેઠકો આવેલી છે ?
(A) 44 (B) 42 (C) 40 (D) 38 **(B)**

6. ભારતમાં સામાન્ય રીતે મતદાન દરમિયાન કેટલા સમય પહેલા ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ મૂકવામાં આવે છે ?
(A) મતદાન શરૂ થવાના 24 કલાક અગાઉ (B) મતદાન શરૂ થવાના 48 કલાક અગાઉ
(C) મતદાન પૂર્ણ થવાના 24 કલાક અગાઉ (D) મતદાન પૂર્ણ થવાના 48 કલાક અગાઉ **(D)**

7. તાજેતરમાં ભારતમાં લોકસભાની ચૂંટણી દરમિયાન પશ્ચિમ બંગાળમાં ફાટી નીકળેલી હિંસામાં શ્રી ઈશ્વર ચંદ્ર વિદ્યાસાગરની એક મૂર્તિ ખંડિત થઈ ગઈ હતી. આ મૂર્તિ કોલકાતાની કઈ કોલેજમાં આવેલી છે ?
(A) સંસ્કૃત કોલેજ (B) વિદ્યાસાગર કોલેજ (C) બંગાળ કોલેજ (D) બાંગ્લા કોલેજ **(B)**

8. શ્રી ઈશ્વર ચંદ્ર વિદ્યાસાગરનો જન્મ કયાં થયો હતો ?
(A) બિરસિંઘા, પશ્ચિમ બંગાળ (B) કરમાતર, પશ્ચિમ બંગાળ
(C) કરમાતર, ઝારખંડ (D) બાંદિયા, પશ્ચિમ બંગાળ **(A)**

9. શ્રી ઈશ્વર ચંદ્ર વિદ્યાસાગરના સંબંધમાં નીચેનામાંથી કયું/કયા વિદ્યાનો સાચા છે ?
1. તેમનું બાળપણનું નામ શ્રી ઈશ્વર ચંદ્ર ચેટરજી હતું.
2. બંગાળી મૂળાક્ષર, લિપી તથા ગદ્યને સરળ બનાવવામાં તેમની મહત્ત્વની ભૂમિકા હતી.
3. પશ્ચિમ બંગાળની સંસ્કૃત કોલેજમાંથી તેમને 'વિદ્યાસાગર' બિરુદ મળ્યું હતું.
4. તેમના પ્રયાસોથી ભારતમાં 1852માં વિધવા પુનર્લગ્ન કાયદો પસાર થયો હતો.
5. ઝારખંડનું કરમાતર ગામ તેમની કર્મભૂમિ હતી.
Ans. : (A) 1, 2, 3, 4, 5 (B) 2, 3, 4, 5 (C) 1, 2, 3, 5 (D) 2, 3, 5 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 17 MAY, 2019 FRIDAY

➢ દિવસ મહિમા : 17 મે (1) વિશ્વ ટેલિકોમ્યુનિકેશન દિવસ અથવા
વિશ્વ ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ અથવા
વિશ્વ ટેલિકોમ્યુનિકેશન અને ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ
(2) વર્લ્ડ હાયપરટેન્શન ડે

## ➢ DRDO દ્વારા 'અભ્યાસ' ડ્રોનનું સફળ પરીક્ષણ



DRDO દ્વારા તાજેતરમાં **'અભ્યાસ'** નામના એક **ડ્રોન**નું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

- ભારતમાં **ઓડિશા**ના **ચાંદીપુર** ખાતે આવેલી **ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ**માંથી આ ડ્રોનનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- **'અભ્યાસ'** એ **High-Speed Expendable Aerial Target (HEAT) drone** છે.
- DRDOના **'લક્ષ્ય'** નામના ડ્રોન પરથી આ ડ્રોનની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે.
- ભારતમાં વિવિધ મિસાઈલના ટેસ્ટ માટે આ ડ્રોન ઉપયોગી થશે.
- ભારતમાં સૌપ્રથમ **2012**માં આ ડ્રોન લોન્ચ કરવામાં આવ્યું હતું.

### DRDO

DRDOનું પૂરું નામ **'Defence Research and Development Organisation' (સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા)** છે.

- તેની સ્થાપના **1958**ના રોજ થઈ હતી.
- તેનું વડુંમથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- તેનો મોટો (ધ્યેય વાક્ય) **'બલસ્ય મૂલં વિજ્ઞાનમ્'** છે.
- DRDOએ ભારતમાં સંરક્ષણ સંબંધિત સંશોધન માટેની એક અગ્રણી સંસ્થા છે.
- તે ભારતના **સંરક્ષણ મંત્રાલય**ના એક અભિન્ન અંગ તરીકે કાર્ય કરે છે.

**નોંધ :** DRDOના વર્તમાન (17 મે, 2019ની સ્થિતિએ) અધ્યક્ષ **શ્રી જી. સતીશ રેડ્ડી** છે.

## ➢ નાબાર્ડ ગ્રામીણ સ્ટાર્ટઅપ એકમોમાં રૂ. 700 કરોડનું રોકાણ કરશે

**નાબાર્ડ** દ્વારા તાજેતરમાં ભારતમાં **કૃષિ, ખોરાક અને ગ્રામીણ વિકાસ** ક્ષેત્રે કામ કરતી **સ્ટાર્ટઅપ કંપનીઓમાં રૂ. 700 કરોડનું** રોકાણ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

- નાબાર્ડના આ નિર્ણયથી ભારતમાં ગ્રામીણ વિકાસ અને ગ્રામીણ ક્ષેત્રે રોજગારીને પ્રોત્સાહન આપવામાં મદદ થશે.
- નાબાર્ડ દ્વારા આ રોકાણ તેની સહાયક કંપની **'નેબવેન્ચર્સ ફંડ-1'** દ્વારા કરવામાં આવશે.
- નાબાર્ડ દ્વારા અત્યાર સુધી અન્ય ફંડોમાં રોકાણ કરવામાં આવતું હતું. આ પ્રથમ ઘટના છે કે જેમાં નાબાર્ડે પોતાનું ફંડ રજૂ કર્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## NABARD

**NABARDનું પૂરું નામ 'National Bank for Agriculture and Rural Devlopment' (રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્ક) છે.**

- તેનું વડુંમથક **મહારાષ્ટ્રના મુંબઈ** ખાતે આવેલું છે.
- ભારતમાં ગ્રામીણ વિકાસમાં નાબાર્ડની ખૂબ જ અગત્યની ભૂમિકા છે.
- ભારતમાં ગ્રામીણ વિસ્તારના લોકોના આર્થિક વિકાસ અને તેમના જીવનસ્તરમાં સુધારો કરવા માટે નાબાર્ડ દ્વારા ઋણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- ભારતમાં **'રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્ક એક્ટ 1981'** અંતર્ગત **12 જુલાઈ, 1982**ના રોજ નાબાર્ડની સ્થાપના કરવામાં આવી હતી.
- ભારતમાં નાબાર્ડની આ સ્થાપના **શિવરામન સમિતિ**ની ભલામણોને આધારે કરવામાં આવી હતી.

## ➤ JCPOA નામની પરમાણુ સમજૂતીમાંથી અલગ થવાની ઈરાનની જાહેરાત

**ઈરાન** દ્વારા તાજેતરમાં **'જોઈન્ટ કોમ્પ્રીહેન્સીવ પ્લાન ઓફ એક્શન (JCPOA)'** અંતર્ગત થયેલી પરમાણુ સમજૂતીના પાલનમાંથી મુક્ત થવાની જાહેરાત કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### JCPOA પરમાણુ સંધિ શું છે ?




**'જોઈન્ટ કોમ્પ્રીહેન્સીવ પ્લાન ઓફ એક્શન' (JCPOA) 'ઈરાન ન્યુકલીયર ડીલ'** અથવા તો **'ઈરાન ડીલ'** તરીકે પણ ઓળખાય છે.

- આ સમજૂતી 14 જુલાઈ, 2015ના રોજ **ઓસ્ટ્રિયાની** રાજધાની **વિયેના** ખાતે થઈ હતી.
- 18 ઓક્ટોબર, 2015ના રોજ તેનો સ્વીકાર થયો હતો અને 16 જાન્યુઆરી, 2016ના રોજ તે અમલમાં આવી હતી.
- આ સમજૂતી **ઈરાન** તથા P5 + 1 (P ફાઈવ એટલે UNની સુરક્ષા પરિષદના પાંચ કાયમી સભ્યો : **અમેરિકા, ચીન, ફ્રાન્સ, રશિયા** અને **બ્રિટન.**- પ્લસ 1 એટલે **જર્મની**) અને **યુરોપિયન યુનિયન** વચ્ચે થઈ હતી.

### આ સંધિની જોગવાઈ

આ કરાર અંતર્ગત **ઈરાન** પોતાના પરમાણુ પરીક્ષણોને અટકાવવા તૈયાર થઈ ગયું હતું.

- તેની સામે **અમેરિકા** સહિતના દેશોએ ઈરાન પરથી આર્થિક પ્રતિબંધો હટાવી લીધા હતા.
- જોકે, અમેરિકા આ સંધિમાંથી વર્ષ **2018**માં જ હટી ગયું હતું. અને ઈરાન પર ફરીથી આર્થિક પ્રતિબંધો મૂક્યા હતા.
- અમેરિકા દ્વારા તાજેતરમાં ઈરાનના **ક્રૂડ ઓઈલ** તથા તેની કેટલીક **ધાતુઓની નિકાસ** પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.
- આથી, અમેરિકાના આ નિર્ણયની પ્રતિક્રિયા રૂપે ઈરાને પરમાણુ સંધિમાંથી હટી જવાની જાહેરાત કરી છે.

## ઈરાન

ઈરાનનું ઓફિશિયલ નામ **'ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન'** છે.

- તેને **'પર્શિયા'** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ઈરાનની રાજધાની **'તહેરાન'** છે.
- ઈરાન **યુરેશિયા** અને **પશ્ચિમ એશિયા**ની **મધ્ય**માં આવેલો જીઓસ્ટ્રેટેજિક દૃષ્ટિએ ખૂબ જ અગત્યનો દેશ છે.
- ઈરાનની બોર્ડર જેને સ્પર્શે છે તેવા તેના પાડોશી દેશોમાં પાકિસ્તાન, અફઘાનિસ્તાન, તુર્કમેનિસ્તાન, અઝરબૈજાન, આર્મેનિયા, તૂર્કી અને ઈરાકનો સમાવેશ થાય છે.
- આ ઉપરાંત ઈરાનની સરહદે કાસ્પીયન સમુદ્ર, પર્શિયન અખાત, ઓમાનનો અખાત અને હોર્મુઝની સમુદ્રધુની આવેલી છે.
- ઈરાનનું ચલણ **'Rial' (રિઅલ)** છે.

## ICE Questions

1. 'વિશ્વ ટેલિકોમ્યુનિકેશન દિવસ' અથવા તો 'વિશ્વ ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 14 મે (B) 15 મે (C) 16 મે (D) 17 મે **(D)**

2. 'વર્લ્ડ હાયપરટેન્શન ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 14 મે (B) 15 મે (C) 16 મે (D) 17 મે **(D)**

3. DRDO દ્વારા તાજેતરમાં મે 2019 દરમિયાન કયા ડ્રોનનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ?
(A) લક્ષ્ય (B) અભ્યાસ (C) પ્રહાર (D) નક્ષત્ર **(B)**

4. તાજેતરમાં DRDO દ્વારા 'અભ્યાસ' નામના ડ્રોનનું કયાંથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ?
(A) ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ, ચાંદીપુર, તમિલનાડુ (B) ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ, ચાંદીપુર, આંધ્રપ્રદેશ
(C) ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ, ચાંદીપુર, ઓડિશા (D) ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ, ચાંદીપુર, કેરળ **(C)**

5. તાજેતરમાં નાબાર્ડ દ્વારા કૃષિ, ખોરાક અને ગ્રામીણ વિકાસ ક્ષેત્રે કામ કરતી સ્ટાર્ટઅપ કંપનીઓમાં કુલ કેટલા કરોડ રૂપિયાનું રોકાણ કરવાની જાહેરાત કરવામાં આવી છે ?
(A) 400 (B) 700 (C) 900 (D) 1200 **(B)**

6. તાજેતરમાં નાબાર્ડ દ્વારા કયા ફંડની મદદથી કૃષિ અને ગ્રામીણ વિકાસ ક્ષેત્રે કામ કરતી સ્ટાર્ટઅપ કંપનીઓમાં 700 કરોડ રૂપિયાનું રોકાણ કરવાની જાહેરાત કરવામાં આવી છે ?
(A) નાબાર્ડ ફંડ (B) કૃષિ ફંડ
(C) ગ્રામીણ વિકાસ ફંડ (D) નેબવેન્ચર્સ ફંડ **(D)**

7. તાજેતરમાં ઈરાને કઈ પરમાણુ સંધિમાંથી બહાર નીકળવાની જાહેરાત કરી છે ?
(A) જોઈન્ટ કોમ્પ્રીહેન્સીવ પ્લાન ઓફ એક્શન (JCPOA)
(B) જોઈન્ટ કોમ્પ્રીહેન્સીવ પ્લાન ઓફ ટ્રીટી (JCPOT)
(C) જોઈન્ટ કોમ્પ્રીહેન્સીવ પ્લાન ઓફ ડીલ (JCPOD)
(D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 18 MAY, 2019 SATURDAY

## ➢ દિવસ મહિમા : 18 મે, (1) ઈન્ટરનેશનલ મ્યુઝિયમ ડે
(2) વર્લ્ડ એઈડ્સ વેક્સીન ડે
અથવા
HIV વેક્સીન અવેરનેસ ડે

## ➢ ભારતીય ફૂટબોલ ટીમના નવા કોચ તરીકે શ્રી ઈગોર સ્ટિમેકની નિમણૂક

ભારતીય ફૂટબોલ ટીમના નવા મુખ્ય કોચ તરીકે તાજેતરમાં **શ્રી ઈગોર સ્ટિમેક**ની નિમણૂક કરવામાં આવી છે.

- શ્રી ઈગોર સ્ટિમેક **ક્રોએશિયા**ના ફૂટબોલ કોચ છે.
- તેઓ બે વર્ષ સુધી ભારતીય ફૂટબોલ ટીમના કોચ તરીકે રહેશે.
- ભારતીય ફૂટબોલ ટીમના નવા કોચ તરીકે તેઓ **શ્રી સ્ટીફન કોન્સટેન્ટાઈન**નું સ્થાન લેશે.

**નોંધ :** ભારતમાં ફૂટબોલની નિયામક સંસ્થાનું નામ **'All India Football Federation' (AIFF)** છે.

## ➢ MRSAM ફાયરિંગ અભ્યાસ



ભારતીય નૌસેના દ્વારા 17 મે, 2019ના રોજ **Medium Range Surface to Air Missile (MRSAM)**ના ફાયરિંગનો સફળ અભ્યાસ કરવામાં આવ્યો છે.

- આ અભ્યાસની સાથે જ ભારતે **Anti Air Warfare** ક્ષમતામાં મહત્ત્વની સિદ્ધિ હાંસલ કરી છે.
- ભારતીય નૌસેનાના **INS કોચી** અને **INS ચેન્નાઈ** નામના જહાજ દ્વારા ભારતના **પશ્ચિમ સમુદ્ર કિનારે** આ અભ્યાસ કરવામાં આવ્યો હતો.
- **જમીનથી હવા**માં પ્રહાર કરતી આ મિસાઈલોને કોલકાતા વર્ગના યુદ્ધ જહાજો તેમજ ભારતીય નૌસેનાના ભવિષ્યના તમામ યુદ્ધ જહાજોમાં ગોઠવવામાં આવશે.
- **ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ**ના સહયોગથી **DRDL હૈદરાબાદ** અને **DRDO** દ્વારા સંયુક્ત રીતે આ મિસાઈલની ટેક્નોલોજી વિકસાવવામાં આવી છે.
- અને **ભારત ડાયનેમિક્સ લિમિટેડ** દ્વારા આ મિસાઈલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

## ➢ ક્રિકેટ વર્લ્ડ કપ 2019માં વિજેતા ટીમોને કુલ 1 કરોડ ડોલરના ઈનામો મળશે

તાજેતરમાં 30 મેથી 14 જુલાઈ 2019 દરમિયાન **ઈંગ્લેન્ડ** અને **વેલ્સ**માં **12મા ક્રિકેટ વર્લ્ડ કપ**નું આયોજન કરવામાં આવ્યું છે.

- આ વર્લ્ડ કપમાં વિજેતા ટીમોને કુલ **1 કરોડ ડોલર**ના ઈનામો આપવામાં આવશે.
- જેમાં ICC દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં **વિજેતા ટીમ**ને **40 લાખ ડોલર** તેમજ એક ટ્રોફી ઈનામ તરીકે આપવામાં આવશે.
- જ્યારે વર્લ્ડ કપની **ઉપ વિજેતા(રનર્સ અપ) ટીમ**ને **20 લાખ ડોલર** મળશે.
- આ ઉપરાંત **સેમી ફાઈનલમાં પરાજિત** થનાર બંને ટીમોને **8-8 લાખ ડોલર** મળશે.
- તેમજ દરેક **લીગ મેચ વિજેતા ટીમ**ને **40,000 ડોલર** અને **લીગ સ્ટેજથી આગળ જનાર ટીમ**ને **1-1 લાખ ડોલર** મળશે.

### ICC ક્રિકેટ વર્લ્ડ કપ 2019માં ઈનામની રકમ

| ક્રમ | વિશેષતા | ઈનામની રકમ |
|---|---|---|
| 1 | વર્લ્ડ કપ વિજેતા ટીમ | 40 લાખ ડોલર |
| 2 | ઉપ વિજેતા ટીમ | 20 લાખ ડોલર |
| 3 | સેમી ફાઈનલમાં પરાજિત ટીમ | 8-8 લાખ ડોલર |
| 4 | દરેક લીગ મેચમાં વિજેતા ટીમ | 40,000 ડોલર |
| 5 | લીગ સ્ટેજથી આગળ જનાર ટીમ | 1-1 લાખ ડોલર |



## ➤ સુશ્રી આરોહી પંડિત ટચૂકડા વિમાનમાં એટલાન્ટિક પાર કરનારી વિશ્વની પ્રથમ યુવતી બની

ભારતના મુંબઈના મહિલા કેપ્ટન સુશ્રી આરોહી પંડિતે તાજેતરમાં 'માહી' નામના ટચૂકડા વિમાન લાઈટ સ્પોર્ટ્સ એરક્રાફ્ટ (LSA)ની મદદથી એકલા જ એટલાન્ટિક મહાસાગર પાર કર્યો છે.



- આ સાથે જ સુશ્રી આરોહી પંડિત ટચૂકડા લાઈટ સ્પોર્ટ્સ એરક્રાફ્ટ (LSA)ની મદદથી એકલા જ એટલાન્ટિક મહાસાગર પાર કરનાર વિશ્વના પ્રથમ મહિલા બની ગયા છે.
- સુશ્રી આરોહી પંડિત આ અગાઉ LSA વિમાન દ્વારા પાકિસ્તાનની ધરતી પર ઉતરાણ કરનાર પ્રથમ ભારતીય મહિલા પણ બન્યા હતા.
- ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના સહકારથી ચાલતી મહિલા સશક્તિકરણ ઝૂંબેશ હેઠળ સુશ્રી આરોહી પંડિત હાલ વિશ્વના પ્રવાસે છે.

**નોંધ :** સુશ્રી આરોહી પંડિતે ઉપરોક્ત વિશ્વવિક્રમ આ ઝૂંબેશ અંતર્ગત જ બનાવ્યો છે. આ ઝુંબેશ અંતર્ગત તેઓ સમગ્ર વિશ્વમાં 'બેટી બચાવો, બેટી પઢાવો'નો સંદેશ આપશે.

ICE INSTITUTE FOR COMPETITIVE

### ICE ? Questions

1. 'ઈન્ટરનેશનલ મ્યુઝિયમ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 16 મે (B) 17 મે (C) 18 મે (D) 19 મે **(C)**

2. 'વર્લ્ડ એઈડ્સ વેક્સીન ડે' અથવા તો 'HIV વેક્સીન અવેરનેસ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 16 મે (B) 17 મે (C) 18 મે (D) 19 મે **(C)**

3. ભારતીય ટીમના નવા મુખ્ય ફૂટબોલ કોચ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી સ્ટીફન કોન્સટેન્ટાઈન (B) શ્રી સ્ટીફન લુઈસ
(C) શ્રી ઈ. ડબલ્યુ સ્ટેઈન (D) શ્રી ઈગોર સ્ટિમેક **(D)**

**4.** ભારતીય ફૂટબોલ ટીમના નવા ફૂટબોલ કોચ તરીકે તાજેતરમાં શ્રી ઈગોર સ્ટિમેકની નિમણૂક કરવામાં આવી છે... શ્રી ઈગોર સ્ટિમેકના દેશનું નામ શું છે ?

(A) ઓસ્ટ્રેલિયા (B) ઈંગ્લેન્ડ (C) ક્રોએશિયા (D) રશિયા — **(C)**

**5.** તાજેતરમાં ભારતીય નૌસેનાના કયા યુદ્ધ જહાજ દ્વારા MRSAM ફાયરિંગ અભ્યાસ કરવામાં આવ્યો હતો ?

1. INS મદ્રાસ 2. INS કોચી 3. INS કોલકાતા 4. INS ચેન્નાઈ

Ans. : (A) 1, 2, 3, 4 (B) 2, 3 (C) 1, 4 (D) 2, 4 — **(D)**

**6.** ICC ક્રિકેટ વર્લ્ડ કપ 2019નું કયાં આયોજન થયું છે ?

1. ઈંગ્લેન્ડ 2. સ્વીડન 3. વેલ્સ 4. નોર્વે

Ans. : (A) ફક્ત-1 (B) 1 અને 2 (C) 1 અને 3 (D) 1 અને 4 — **(C)**

**7.** વર્ષ 2019માં કેટલામા ICC ક્રિકેટ વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવ્યું છે ?

(A) 10મા (B) 11મા (C) 12મા (D) 13મા — **(C)**

**8.** ICC દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર વર્ષ 2019ના ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં વિજેતા ટીમને કેટલા ડોલરનું ઈનામ આપવામાં આવશે ?

(A) 40 લાખ ડોલર (B) 50 લાખ ડોલર (C) 60 લાખ ડોલર (D) 70 લાખ ડોલર — **(A)**

**9.** વર્ષ 2019ના ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં ઉપ વિજેતા (રનર્સ અપ) ટીમને કેટલા ડોલરનું ઈનામ આપવામાં આવશે ?

(A) 30 લાખ ડોલર (B) 25 લાખ ડોલર (C) 20 લાખ ડોલર (D) 15 લાખ ડોલર — **(C)**

**10.** લાઈટ સ્પોર્ટ્સ એરક્રાફટની મદદથી એટલાન્ટિક મહાસાગર પાર કરનાર વિશ્વના પ્રથમ મહિલાનું નામ શું છે ?

(A) સુશ્રી આરોહી પંડિત (B) સુશ્રી આરોહી શર્મા

(C) સુશ્રી આરોહી ત્રિવેદી (D) સુશ્રી અર્ચના દવે — **(A)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાતના પ્રસિદ્ધ સંત શ્રી સદારામ બાપાએ 111 વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા

તાજેતરમાં ગુજરાતના પ્રસિદ્ધ સંત શ્રી સદારામ બાપાએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના ટોટાણા ગામમાં આવેલા તેમના આશ્રમમાં 111 વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા છે. ગુજરાતના ઠાકોર પરિવારમાં જન્મેલા શ્રી સદારામ બાપાએ રચેલા પદોની અસરથી આશરે 2 લાખ જેટલા લોકોએ વ્યસનોનો ત્યાગ કર્યો હતો.

## ભારત

### ➤ બ્રિટીશ કંપની હેમ્લીઝને રિલાયન્સે હસ્તગત કરી

ભારતની **રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**ની સહયોગી કંપની **રિલાયન્સ રિટેઈલ લિમિટેડે** બ્રિટનની **'હેમ્બીઝ ગ્લોબલ હોલ્ડિંગ્સ લિમિટેડ'**ના 100 ટકા શેર **67.96 મિલિયન પાઉન્ડ (એટલે કે લગભગ રૂ. 620 કરોડ)**માં ખરીદવા માટે કરાર કર્યા છે. **1760**માં સ્થપાયેલી હેમ્લીઝ વિશ્વની સૌથી જૂની ટોય (રમકડાં) કંપની છે. તે વિશ્વના 18 દેશોમાં 167 સ્ટોર ધરાવે છે. આ હસ્તાંતરણથી રિલાયન્સ રિટેઈલ લિમિટેડ **વૈશ્વિક ટોય રિટેઈલ ઈન્ડસ્ટ્રીઝ**માં પ્રભુત્વશાળી કંપની તરીકે પદાર્પણ કરશે. રિલાયન્સ રિટેઈલ **'રિલાયન્સ બ્રાન્ડ્સ'** તરીકે પણ ઓળખાય છે.

### ➤ વી. કે. કૃષ્ણ મેનન પુરસ્કાર 2019

**દક્ષિણ આફ્રિકા**ના ભારતીય મૂળના પ્રસિદ્ધ પત્રકાર અને લેખક **શ્રી જી.ડી. 'રોબર્ટ' ગોવેન્દર**ને વર્ષ **2019**ના **વી. કે. કૃષ્ણ મેનન પુરસ્કાર**થી સન્માનિત કરવામાં આવ્યા છે. વી. કે. કૃષ્ણ મેનનની 123મી જન્મજયંતી નિમિત્તે શ્રી જી. ડી. 'રોબર્ટ' ગોવેન્દરને **બ્રિટન**માં મરણોપરાંત આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. શ્રી વી. કે. કૃષ્ણ મેનન **લંડન**માં **ભારતના પ્રથમ હાઈ કમિશનર** હતા.

## વિશ્વ

### ➤ તાઈવાન સજાતીય લગ્નને માન્યતા આપનારો એશિયાનો પ્રથમ દેશ બન્યો

તાજેતરમાં **તાઈવાન**ની સરકારે સજાતીય લગ્ન નોંધણીની મંજૂરી આપતો એક કાયદો પસાર કર્યો છે. આ સાથે જ **તાઈવાન સજાતીય લગ્ન**ને માન્યતા આપનારો **એશિયાનો પ્રથમ** દેશ બની ગયો છે. જોકે વિશ્વમાં સૌપ્રથમ **નેધરલેન્ડે** વર્ષ **2000**માં સજાતીય લગ્નોને મંજૂરી આપી હતી.

### ➤ અમેરિકામાં 'સાઈબર ઈમર્જન્સી' લાગુ કરવામાં આવી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે **અમેરિકા**માં **'સાઈબર ઈમર્જન્સી'**ની જાહેરાત કરી છે. અમેરિકામાં કમ્પ્યૂટર નેટવર્ક પર વિદેશી સાઈબર હુમલાની આશંકાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. આ આદેશ અનુસાર હવે અમેરિકાની કંપનીઓ વિદેશી ટેલિકોમ ઉપકરણો અને સેવાઓનો ઉપયોગ કરી શકશે નહિ. આ અગાઉ અમેરિકાએ **ચીન**ની **ટેલિકોમ** કંપની **હુઆવે** પર પ્રતિબંધ મૂકયો હતો. આ કંપની દ્વારા ચીન જાસૂસી કરતો હોવાનો અમેરિકાએ આરોપ મૂકયો હતો.

### ➤ શ્રી કામી રીટા શેરપાએ 23મી વાર એવરેસ્ટ સર કરીને વિશ્વ વિક્રમ સર્જ્યો

નેપાળના **શ્રી કામી રીટા શેરપા**એ ગયા વર્ષે **22મી** વાર **એવરેસ્ટ** સર કરીને **સૌથી વધુ વખત** એવરેસ્ટ સર કરવાનો વિશ્વ વિક્રમ સર્જ્યો હતો. તાજેતરમાં હવે તેમણે **23મી** વખત એવરેસ્ટ સર કરીને પોતાનો જ અગાઉનો રેકોર્ડ તોડયો છે. શ્રી કામી રીટા **નેપાળ**ના **સોલુખુમ્બુ** જિલ્લાના **થામે** ગામના વતની છે.

## ➤ અમેરિકાની એગ્રો કંપની મોન્સાન્ટોને 2.055 અબજ ડોલરનો દંડ

અમેરિકાના કેલિફોર્નિયા નામના રાજ્યની એક કોર્ટે તાજેતરમાં **અમેરિકા**ની વિશ્વ વિખ્યાત **એગ્રો કેમિકલ કંપની મોન્સાન્ટો**ને **2.055 અબજ ડોલર**નો દંડ ફટકાર્યો છે. આ કંપનીને **ગ્લીફોસેટ** નામની નિંદામણ નાશક પ્રોડક્ટમાં કેન્સરકારક દ્રવ્ય હોવાની માહિતી છૂપાવવા બદલ આ દંડ કરવામાં આવ્યો છે. અમેરિકામાં રહેતા **આલ્વા અને આલ્બર્ટા પિલિઅડે** નામના દંપતીએ કરેલા કેસને કારણે કોર્ટે આ નિર્ણય કર્યો છે.

## ➤ ચીન દ્વારા અમેરિકાની 60 અબજ ડોલરની વસ્તુઓ પર ડ્યુટી લાદવામાં આવશે

ચીનના નાણા મંત્રાલય દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર 1 જૂન, 2019થી ચીનમાં આયાત થતી **અમેરિકા**ની **60 અબજ ડોલર**ની 5140 વસ્તુઓ પર 5 કે 10 ટકાથી લઈને 25 ટકા સુધી ડ્યુટી લાદવામાં આવશે. આ અગાઉ અમેરિકાએ ચીનની **200 અબજ ડોલર**ની વસ્તુઓ પરની ડ્યુટી **10 ટકા**થી વધારીને **25 ટકા** કરી હતી. આથી, ચીને આ નિર્ણય કર્યો છે.

## ➤ અવકાશમાં રોકેટ લોન્ચ કરનાર જાપાનની પ્રથમ ખાનગી કંપની ઈન્ટરસ્ટેલર ટેક્નોલોજી

જાપાનની **ઈન્ટરસ્ટેલર ટેક્નોલોજી (IST)** નામની કંપનીએ તાજેતરમાં જાપાનના **હોક્કાઈડો સ્પેસ સેન્ટર** પરથી **મોમો-3** નામનું **રોકેટ** લોન્ચ કર્યું છે. આ સાથે જ **ઈન્ટરસ્ટેલર ટેક્નોલોજી (IST)** અવકાશમાં રોકેટ લોન્ચ કરનારી **જાપાનની પ્રથમ ખાનગી કંપની** બની ગઈ છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

- તાજેતરમાં ગુજરાતના પ્રસિદ્ધ સંત શ્રી સદારામ બાપાનું 111 વર્ષની વયે નિધન થયું છે.... તેમનો આશ્રમ ગુજરાતમાં કયાં આવેલો છે કે જયાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા ?
  – ટોટાણા, તા. કાંકરેજ (જિ. બનાસકાંઠા)
- તાજેતરમાં વિશ્વની સૌથી જૂની રમકડાં કંપની 'હેમ્લીઝ'ને ભારતની કઈ કંપનીએ હસ્તગત કરી છે ?
  – રિલાયન્સ રિટેઈલ લિમિટેડ (અથવા રિલાયન્સ બ્રાન્ડ્સ લિમિટેડ)
- રિલાયન્સ રિટેઈલ લિમિટેડ બ્રિટનની કઈ રમકડાં કંપનીને હસ્તગત કરીને વૈશ્વિક ટોય રિટેઈલ ઈન્ડસ્ટ્રીઝમાં પદાર્પણ કરશે ? – હેમ્લીઝ ગ્લોબલ હોલ્ડિંગ્સ લિમિટેડ
- વર્ષ 2019નો વી. કે. કૃષ્ણ મેનન પુરસ્કાર કોને એનાયત થયો છે ? – શ્રી જી.ડી. 'રોબર્ટ' ગોવેન્દર
- સજાતીય લગ્નને માન્યતા આપનાર એશિયાના પ્રથમ દેશનું નામ શું છે ? – તાઈવાન
- તાજેતરમાં કયા દેશમાં સાયબર ઈમર્જન્સી લાદવામાં આવી છે ? – અમેરિકા
- તાજેતરમાં જાસૂસીનો આરોપ મૂકીને અમેરિકાએ ચીનની કઈ ટેલિકોમ કંપની પર પ્રતિબંધ મૂકયો છે ?
  – હુઆવે
- તાજેતરમાં નેપાળના કયા શેરપાએ સૌથી વધુ 23 વખત એવરેસ્ટ સર કરવાનો વિશ્વ વિક્રમ સર્જ્યો છે ?
  – શ્રી કામી રીટા શેરપા
- અમેરિકાની એક કોર્ટે તાજેતરમાં કઈ એગ્રો કંપનીને તેની ગ્લીફોસેટ નામની પ્રોડક્ટમાં કેન્સરકારક દ્રવ્ય હોવાની માહિતી છૂપાવવા બદલ 2.055 અબજ ડોલરનો દંડ ફટકાર્યો છે ? – મોન્સાન્ટો
- ચીન દ્વારા 1 જૂન, 2019થી અમેરિકાની કેટલા ડોલરની વસ્તુઓ પર આયાત ડયુટી લાદવાની જાહેરાત કરવામાં આવી છે ? – 60 અબજ ડોલર
- તાજેતરમાં અવકાશમાં રોકેટ લોન્ચ કરનાર જાપાનની પ્રથમ ખાનગી કંપનીનું નામ શું છે ?
  – ઈન્ટરસ્ટેલર ટેક્નોલોજી (IST)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

- GPSC
- SBI
- PSI
- TALATI
- UPSC
- PO
- PI
- Dy. S.O.
- IBPS
- CLERK
- CONSTABLE
- Dy. MAMLATDAR

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.